Chapter-6

# પ્રકરણ - ૬

અન્ય અલ્પ-ખ્યાત ગદ્યધારા

(ઇ.સ.૧૮૮૦ થી ૧૯૨૦)

પ્ર ક ર ણ - ૬

અન્ય અલ્પખ્યાત ગદ્યધારા
(ઇ.સ.૧૮૮૦ થી ૧૯૨૦)

મનઃસુખરામના 'અસ્તોદય'માં નર્મદયુગ અસ્ત પામતો જણાય છે, તો શાંકર વેદાન્તનું સારાંશદર્શન કરાવતા 'સુજ્ઞ ગોકુલજી' ચરિત્રગ્રંથમાં ગોવર્ધનયુગ ઉદય પામતો જણાય છે. અલબત્ત, એમના ચિંતનમાં નવપ્રસ્થાનની દિશા ઊઘડતી જણાતી નથી. આમ તો, 'અસ્તોદય'ના ગદ્યબંધમાં અનુગામી પંડિતયુગના પ્રવર્તક ગોવર્ધનરામના ગદ્યબંધની સંભાવ્યતા Potentiality નો અણસાર આવે છે. યુગપરિબળોમાં સંભવેલા પરિવર્તનને કારણે એ સંભાવ્યતાના વિવિધ-વિભિન્ન પરિમાણો ઇ.સ.૧૮૮૦ થી આરંભ પામતા કાળમાં આવિષ્કાર પામ્યા. એક તરફ ગોવર્ધનરામ, મણિલાલ વગેરે આપણા વરીયસ ગદ્યકારોના ગદ્યમાં, બીજી તરફ સમાજ-રાજકીય સંચેતના વિસ્તારનાર અંબાલાલ, કાંટાવાળા અને ઉત્તમલાલના ગદ્યમાં, ત્રીજી તરફ ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, વા.મો.શાહ, રણજિતરામ મહેતા, ચંદ્રશંકર પંડયા, કમળાશંકર ત્રિવેદી, અતિસુખશંકર ત્રિવેદી અને મોહનલાલ દવે વગેરેના ગદ્યકાર્યમાં. આ ત્રીજી ધારાને સંક્ષેપમાં અવલોકવાનો યત્ન કરીએ.

## ૧: ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ (૧૮૫૩-૧૯૧૨)

ઇ.સ.૧૮૮૦ પહેલાં પોતે શરૂ કરેલા પત્ર 'સ્વતંત્રતા'માં 'અમને અમારી સ્વતંત્રતા આપો' એ નામનો લેખ લખી, રાજદ્રોહના અપરાધી ઠરી, સર ફિરોજશાહ મહેતાના બચાવથી નિર્દોષ છૂટનાર ઇચ્છારામે ઇ.સ.૧૮૮૦માં શરૂ થયેલા 'ગુજરાતી' પત્રના તંત્રી તરીકે, એ પત્ર દ્વારા, ગ્રંથનિર્માણની કોઇ જાહેર સંસ્થા જ કરી શકે એવું કાર્ય કર્યું છે. સામાન્યતઃ 'બૃહદ કાવ્ય દોહન'ના સંપાદક તરીકે પ્રતિષ્ઠા

પામેલા આ પત્રકાર-સારસ્વતે કથા, આખ્યાન, નવલકથા, ધર્મચિંતન, ચરિત્ર, ભાષ, વેદાંતચર્ચા અને રાજકીય ચિંતન પ્રકારના લગભગ બેંતાલીસ જેટલા મૌલિક અનુવાદિત ગ્રંથો નિર્માણ કર્યા છે. એ પૈકી 'હિન્દ અને બ્રિટાનિયા', 'ગંગા એક ગુર્જર વાર્તા', અને 'ચન્દ્રકાન્ત - ભાગ-૧-૨-૩' મહત્ત્વના છે.

'હિન્દ અને બ્રિટાનિયાનું' નું અવલોકન કરતાં નવલરામે લખેલું કે, "આ સુંદર પુસ્તક તેના રસથી ઝળાં ઝળાં થઇ રહેલું અમારા ટેબલ ઉપર આવીને બિરાજયું ત્યારથી તેણે અમારૂં મનહરણ કરી લીધું છે. એ પુસ્તકનો વિષય તેની સંકલના, અને તેની ગ્રંથી એવા પ્રકારના છે કે કોઇ પણ દેશાનુરાગી પુરુષના ચિત્તને પ્રફુલ્લિત કર્યા વિના રહે એમ નથી, અને તેની સાથે એમાં આલેખેલા વિચારો એવી શાણી દીર્ઘદૃષ્ટિના છે કે તે રાજભકતને પણ તેટલું જ આનંદદાયક થઇ પડવાનો સંભવ જણાય છે."[૧]

બ્રિટિશ શાસન હેઠળ હિન્દ અને બ્રિટનના સંબંધનું અને તદકાલીન રાજકીય સ્થિતિનું નિરૂપણ કરતી એ એક રૂપકકથા છે. બ્રિટિશ શાસન હેઠળ હિન્દની ગુલામી, હિન્દને અધીન રાખવાનું બ્રિટનનું વલણ, હિન્દની અવનતિથી વ્યથિત દેશહિતની આકાંક્ષા કરનારને સ્વાતંત્ર્યનું દર્શન, પ્રાપ્ત સ્થિતિમાં હિન્દ અને બ્રિટાનિયા વચ્ચેના સંઘર્ષને રૂપ આપવા લેખકે હિન્દ અને બ્રિટાનિયાને દેવીરૂપનું આરોપણ કરી બંને વચ્ચે આકાંક્ષાનો વિરોધ નિરૂપી, બંને વચ્ચે સંભવેલા સંઘર્ષની પળે દેશહિત નામના પુરુષના આગમનનું આલેખન કરી, દેશહિતને થતા સ્વાતંત્ર્યના દર્શનને વર્ણવ્યા એ વસ્તુસંકલનમાં રૂપકકથા ઉપસાવી છે. એ ગ્રંથ રોચક વાર્તારૂપે તદકાલીન રાજકીય સ્થિતિનું ચિત્ર આલેખવાનો પ્રયત્ન કરે છે.

એમના 'ચન્દ્રકાન્ત' ને તે સમયે તો ખૂબ જ લોકચાહના પ્રાપ્ત થયેલી. આજે પણ ધાર્મિક રસ ધરાવતા ઘણાના ચિત્તમાં 'ચંદ્રકાન્ત'નું સ્થાન યથાવત છે." મૂળે તો અનેક સાધુસંતો અને કથાકારો પાસેથી શ્રવણ કરેલ આખ્યાનો અને દષ્ટાંતોના યથાર્થ સંયોજનના ફલરૂપ"[૨] 'ચન્દ્રકાંત' વેદાન્તતત્ત્વજ્ઞાનનાં તત્ત્વોને સરલ ગદ્યશૈલીમાં

નિરૂપવાનો પ્રયત્ન છે. પરમ પદાર્થને - પરમ પુરુષને પામવાના માર્ગો, એ માર્ગનાં સંકટો, અવતારરહસ્ય, પરમાત્માને પામવા માટેનો યોગ, જીવનમુક્તિ વગેરે આધ્યાત્મિક પ્રશ્નોનું એમાં રોચક દૃષ્ટાંતો દ્વારા નિરાકરણ કરવાનો પ્રયત્ન છે. એનાં હિન્દી અને મરાઠીમાં થયેલાં ભાષાંતર એની લોકપ્રિયતાનાં દ્યોતક છે.

માણસ અને ઇશ્વર, ઇશ્વર અને વિશ્વ વચ્ચેના સંબંધને સમજવા મથતા ગ્રંથના નિરૂપણમાં આશાઓ, ભયો, શ્રદ્ધાઓની રચાવા પામતી ચૈતસિક લીલા લેખકના ગદ્યને પારમાર્થિક (theological) ગદ્યનું પરિમાણ બક્ષે છે, અને સર્જનાત્મક ચિત્તમાં ઉદય પામેલી આધ્યાત્મિકતાના પરિણામરૂપ એ ગદ્યમાં ભાવાભિનિવેશનો રંગ પણ ભળે છે. અને છતાં તત્ત્વના આકલનના અભિવનથી પ્રેરાતું એ ગદ્યનિરૂપણ, પામી શકતું નથી પણ, દાર્શનિક ગદ્યના પરિમાણને પામવા મથતું જણાય છે.

સરલ દષ્ટાંતોની યોજના કરી ભાગવત, ગીતા અને વેદાન્તના મર્મને નિરૂપવાનો પ્રયત્ન કરતો આ ગ્રંથ ગુજરાતી આધ્યાત્મિક ગદ્યવાઙ્મયમાં નોંધપાત્ર અર્થ ગણાશે.

## ૨: <u>વા.મો.શાહ (૧૮૭૮ થી ૧૯૩૧)</u>

"મારાં લખાણ એ મારા જીવનનો તરજુમો છે" એવું પોતાના વિશે યથાર્થ કથન કરનાર વા.મો.શાહનું ગદ્યવાઙ્મય લગભગ ૧૫૦૦ જેટલા પૃષ્ઠોમાં સમાવિષ્ટ છે. ઇ.સ.૧૮૯૮ થી સાડાત્રણ દાયકા પર્યંત વિસ્તરાયેલું એમનું એ ગદ્યવાઙ્મય બે ખંડમાં વહેંચાઇ જતું જણાય છે : ૧૮૯૮ થી ૧૯૧૭ સુધીના પ્રથમ ખંડમાં ~~xxxxxxxxxxxxxxx~~ રચાયેલું ગદ્ય પૂર્ણ પરિપક્વ નહીં એવા ચિત્તનું ફૂલ છે. ૧૯૧૮ થી ૧૯૩૧ સુધીના દ્વિતીય ખંડમાં, પુખ્ત ચિત્તનો ઉન્મેષ પ્રગટ કરતું ગદ્ય

એમના એ સમગ્ર ગદ્યવાડ્·મયમાં એમના જીવનકાલનાં સમાજ ધર્મ અને રાજકારણના ક્ષેત્રે પ્રવર્તતી સ્થિતિનું પ્રત્યક્ષીકરણ કરવાનો પુરુષાર્થ થયો છે. એ પ્રત્યક્ષીકરણ સમતોલ, સ્વસ્થ અને શાસ્ત્રીય મતિ ધરાવનાર ચિંતકનું નહીં, પણ ઉદ્ધારક પત્રકારનું છે. 'જૈનહિતેચ્છુ' પત્રના સંપાદન નિમિત્તે એમનું મોટાભાગનું ગદ્ય નિર્માયું છે. અને પરિણામે પત્રકારી ગદ્યમાં સ્વાભાવિક હોય છે, એવાં અભિનિવેશ, ભાવાવેગ, આક્રમકતા, વ્યંગ, ઉપાલંભ, અભિગ્રહ જેવાં તત્ત્વો વા.મો. શાહના ગદ્યની વિલક્ષણતાઓ છે. એમની કારકિર્દીના પ્રથમ ખંડના ગદ્યનો આશય જૈનધર્મના જ્ઞાનનો પ્રચાર રહયો છે. એ કારણે એ ખંડના એમના ગદ્યમાં પ્રચારકનો ઉત્સાહ વ્યાપી વળ્યો છે, વાંચનાર-સાંભળનારની લાગણીને છંછેડી કે આઘાત આપીને સ્પર્શી લઇ સ્વ-વશ કરવાનો પ્રખર રાગ પણ એમાં ભળ્યો છે. એ કારણે એમના ગદ્યમાં ઉદ્ધારક ઉપદેશકની વાણીના ઘોષ ઊઠતા સંભળાયા કરે છે. ઠાકોરે વા.મો.શાહને નર્મદ, ગોવર્ધનરામ અને ગાંધીજી જેવાં ગદ્યશૈલીના દસ પ્રભાવકોમાં છઠ્ઠું સ્થાન આપેલું.[3]

વા.મો.શાહની જેમ નર્મદ અને ગાંધીજી પણ પત્રકાર ખરા, નર્મદના 'જોસ્સો' સાથે વા.મો.શાહના જુસ્સાનો મેળ મળે - પણ પત્રકાર તરીકે અવલોકય પરિસ્થિતિની ઊંડી, સમતોલ બૌદ્ધિક ચિકિત્સાનો ગાંધીજીના ગદ્યમાં જે સૌથી મોટો ગુણ છે તેનો વા.મો.શાહના ગદ્યમાં લગભગ અભાવ છે અને ગોવર્ધનરામના ગદ્યમાં આવિષ્કાર પામેલા એમના માનસિક વૈભવ જેવો શોધ વા.મો.શાહના ગદ્યમાં કરવા જતાં વિફળતા જ સાંપડે.

વા.મો.શાહને પ્રખર, પ્રતાપી ચિંતકની કોટીમાં મૂકવાના પ્રયત્ન થયા છે. વા.મો.શાહની ચૈતસિક સંપત્તિનું એવું ગજું હોવાની મને શંકા છે. સામાન્યત: ચિંતક કોઇપણ વિષયનું આકલન કરવાનું હાથ ધરે છે ત્યારે તેનાં સર્વ પાસાંઓનો

સમતોલ, તાટસ્થ્યપૂર્ણ, નિર્મમ, અનાકુલ સાક્ષાત્કાર કરવાનો એનો યત્ન હોય છે. વા.મો. શાહના ગદ્યમાં એવો શાસ્ત્રીય અભિગમ જણાતો નથી. વા.મો.શાહ નિરીક્ષણપ્રાપ્ત કોઈ સ્થિતિ કે ઘટનાના કોઈક અંશનું આકલન કરી તેને પ્રચારવાનો, ઉપદેશવાનો રાગયુક્ત આગ્રહી અભિગમ દાખવતા જણાય છે. અને ત્યારે એમનું આકલન, ચિંતનની નહીં, પણ એક પ્રકારની વૈચારિક પ્રતિક્રિયા (thinking reaction) ની કોટી ધારણ કરે છે એમ કહેવું, કદાચ, સાચું ગણાય. વા.મો.શાહના હૈયે દેશદાઝ છે એની ના નહીં, સત્યપ્રીતિ છે એ પણ એટલું જ સાચું, એમને ક્રાન્તિકારી ગણીએ, પણ પ્રતાપી પ્રખર ચિંતકની કોટિમાં એમને મૂકવામાં એમનું યથાર્થ મૂલ્યાંકન નથી થતું એમ મને લાગે છે.

વા.મો.શાહના ગદ્યની જે વિલક્ષણતા છે તે આ પ્રકારની છે. જીવન વિશે એઓ ચોક્કસ સ્પષ્ટ દૃષ્ટિકોણ ધરાવે છે, જીવનની એમને સ્પષ્ટ સમજ છે, જીવનના નિરીક્ષણ અને અભ્યાસના આધારે એ સમજ કે દૃષ્ટિકોણ બંધાવા પામેલાં છે. એવી વ્યક્તિ પોતાને પ્રાપ્ત સમજ કે દૃષ્ટિકોણ પ્રમાણે જીવનનો આચાર ઘડવાને મથે છે. આવી વ્યક્તિને ઉદ્દેશ-લક્ષ્ય (purpose) હોવાનાં જ, ચિંતક કે વિજ્ઞાની જે તાટસ્થ્ય દાખવે એવું તાટસ્થ્ય આ પ્રકારની વ્યક્તિ દાખવી શકે નહીં, જે છે તેની સાથે નહીં પણ જે હોવું ઘટે તેની સાથે જીવનને સાંકળવાનો એમનો યત્ન હોય છે. અને એ કારણે જ એમના ગદ્યમાં ચિંતકના ગદ્યમાં પ્રવર્તતા નિર્મમતા, તટસ્થતા વગેરેના ગુણો સંભવી શકે નહીં. હકીકતમાં એમના ગદ્યમાં ભાવાત્મક રાગના બળવાન અંશ રહેલા છે. પરિણામે દેખીતા ઉપદેશના તત્ત્વને ગાળી નાંખી નીતિને પ્રેરતાં એમનાં વિધાનોની વાણીમાં દૃઢ સ્વર પ્રગટ થવા પામ્યો છે. અને એવો સ્વર પ્રગટ કરતું એમનું ગદ્ય Moralistic prose કોટિનું બની રહે છે. વિચાર અને વાણીમાં eloquence નું તત્ત્વ ધરાવતું એમનું એ પ્રકારનું ગદ્ય ગુજરાતી વૈચારિકગદ્યના પ્રવાહમાં નોંધપાત્ર અર્પણ છે.

### ૩: રણજિતરામ વાવાભાઇ મહેતા (૧૮૮૧-૧૯૧૭)

વીસમી સદીનાં પ્રથમ પંદર-સત્તર વર્ષમાં જે રાષ્ટ્રીય સંચલનો પ્રવર્તમાન થયાં તેના પ્રભાવ ઝીલી, તેને ગુજરાતના સંસ્કારજીવનમાં વ્યાપક રીતે પ્રેરવાને અનેક સંસ્થાઓનું સ્થાપન કરી, તે ધ્વારા લોકોતત્ત્વની પ્રવૃત્તિ નિમિત્તે આપેલાં વ્યાખ્યાનો અને 'બુદ્ધિપ્રકાશ', 'વસંત', 'સમાલોચક', 'નવજીવન અને સત્ય' જેવાં તદકાલીન સામયિકોમાં લખેલા લેખોમાં નિર્માણ પામેલું રણજિતરામનું ગદ્ય ગુજરાતી ગદ્યવાડ્મયધારાને વિકસાવતું એક મોટું બળ બની રહે છે.

પૂર્ણ-પૂર્ણ, લાંબી-ટૂંકી અને ટૂંકા વાર્તાઓ, પરિષદોના અહેવાલો, નર્મદ, નંદશંકર ડાહ્યાભાઇ ધોલસાજી, મલ્હાર ભીકાજી બોલસરે, ગોવર્ધનરામ વગેરેના વ્યક્તિ-ચિત્રો અને ગ્રંથોના અવલોકનોમાં તેમનું ગદ્યવાડ્મય સમાવિષ્ટ થાય છે.

એમની વાર્તાઓમાં સહસા, લગભગ નાટ્યાત્મક રીતે આરંભ પામી જતું વૃત્તાન્ત કથાનાત્મક અને વર્ણનાત્મક ગદ્યમાં પરિવેષ્ટિત થતું સર્જનાત્મક બના રહે છે. એ સર્જનાત્મક ગદ્યમાં અંતર્નિહિત વૃત્તાંતકથન (Narrative) અનલસ (Active) હોવાના કારણે નિરૂપણ પામતી ઘટનાઓ, ક્રિયાઓ વગેરેનો દૃષ્ટિમૂલક બોધ કરાવવાને કાર્યક્ષમ બની રહે છે, તો સાથે વૃત્તાંતકથનને ત્વરા પણ અર્પે છે. ઉપમા-રૂપક જેવા અલંકારોના વિનિયોગથી એમના સર્જનાત્મક ગદ્યમાં બળ પણ પ્રગટતું જણાય છે. પણ એમની કેટલીક સારી વાર્તાઓ અપૂર્ણ છે, પૂર્ણ વાર્તાઓમાં કેટલીક અનુવાદિત છે. પરિણામે કહેવાનું પ્રાપ્ત થાય કે ઊંચી સર્જકશક્તિનાં લક્ષણ ધરાવતા રણજિતરામના સર્જનચિત્તનો પૂર્ણ અવિષ્કાર સંભવી શક્યો નથી.

રણજિતરામના અન્ય લેખોમાં એમની ઊંચી શક્તિના દર્શન થાય છે. એમનાં અવલોકનો, ચરિત્ર-રેખાંકનોમાં નિર્માણ પામેલુ વિવેચન એમના ગદ્યની વિશિષ્ટતા છે.

UNIVERSITY LIBRARY

પરિષદનો હેવાલ લેતા હોય, કેળવણી વિશે ટૂંકું ટિપ્પણ કરતા હોય, ઇસુના ૧૯૦૮ના વર્ષની 'માનવ જીવનના ઇતિહાસ પંચાંગોયો નથી ઘડાતા....' વિધાનથી શરૂ થતી સર્વાંગી નિરીક્ષા હોય, નર્મદ-નંદશંકર વગેરેનાં કાર્યનું મુલ્યાંકન હોય કે ગ્રંથોનાં અવલોકન હોય, એ હાથ ધરેલા વિષયના સર્વેક્ષણમાં, રણજિતરામનો સર્વેક્ષણ (surveying) કરતો અવાજ સંભળાયા કરે, તો એની સાથે જ વિષયમાં ઊંડે ઊતરીને વિવિધ સ્તરોને ખોતરવા (probing) મથતો બીજો અવાજ પણ ઊઠતો રહે છે. એવું એક ઉદાહરણ :

"ગુજરાતમાં નેતા નથી: બંગાળા, મહારાષ્ટ્ર, પંજાબ વગેરે પ્રાંતોમાં છે તેવા નેતા નથી. મુંબઇમાં, અમદાવાદમાં કે દેશી રાજ્યોમાં બુદ્ધિશાળી ગુજરાતીઓ અનેકધા દેશહિતનું કામ બજાવે છે. પણ ગુજરાતને દોરનાર નેતાઓની તો ખોટ જ છે. અમે સર્વે ગુજરાતી છીએ - એવી ભાવના જનેજનમાં જગાવે અને દક્ષિણ કે બંગાળીના જેવો પ્રતાપ ગુજરાતીઓ ગુજરાતમાં અને ખંડખંડના પરદેશનિવાસમાં બતાવે એવા એમને શક્તિમાન કરે એવા નેતાની આપણે ત્યાં ખોટ છે. હિંદુસ્તાનમાં વર્તમાન ભવિષ્ય ઘડવામાં અને તેને અંગે ઊભા થતા મહાપ્રશ્નો ઉકેલવામાં અમે પણ સામેલ છીએ. અમારામાં પણ એ સૌ સારૂં જોઇતાં સામર્થ્ય, બુદ્ધિ, લાગણી, આગ્રહ અને ઉત્સાહ છે એવી આત્મશ્રદ્ધા ગુજરાતીઓમાં લાવનાર આચાર્યની જરૂર છે."[૪] એ અવતરણમાં surveying અને probing ના અભિગમોનું કેવું અદ્વૈત સધાયું છે. Probing ની પ્રવૃત્તિ સર્વેક્ષણને વિકસાવવા સહાયક બની રહે છે. અવતરણમાં, પરિસ્થિતિ નિહાળવાને અને તે પરત્વે વિચારવાનું આમંત્રણ છે. દરેક વાક્ય એક વિધાન (statement) બની રહે છે. ભોંયની પોપડો ઊખેડીને માથું કાઢી રહેતા બીજાં કરના સહસા ઉદયસદંશ વાક્યોનો લય આરંભ પામી

વિકસતો વિકસતો દઢ સંધિ રચી વિરામ પામી જાય છે. પરિણામે લેખકની પ્રતીતિને અભિવ્યક્ત કરવાને કાર્યસાધક બની રહે છે. એમ તો, એ વચનો વિમર્શાત્મક ગદ્ય (expository prose)ની કોટી ધારણ કરે છે, પણ એ પ્રકારના ગદ્યમાં સ્વાભાવિક અને અનિવાર્ય હોવો ઘટે તે નિર્મમતાનો ગુણ નથી, વ્યથાન્ત લાગણનો રંગ પણ એમાં ભળવા પામ્યો છે. પરિણામે એ વચનો વિવેચનાત્મક ગદ્ય (critical prose) નું પરિમાણ ધારણ કરી રહે છે. રણજિતરામના, લગભગ, સર્વ લેખોમાં નિર્માણ પામેલું ગદ્ય, પ્રધાનતઃ, એ પ્રકારનું વિવેચનાત્મક ગદ્ય છે.

૪: ચંદ્રશંકર નર્મદાશંકર પંડયા (૧૮૮૪-૧૯૩૯)

સાહિત્યકૃતિઓનાં વિવેચનો અને પ્રધાનતઃ તદકાલીન પ્રજાજીવન પર કોઇને કોઇ રીતે પ્રભાવ દાખવનાર સાહિત્યિક અને રાજકીય વ્યકિતઓનાં ચરિત્ર-રેખાંકનોમાં ચંદ્રશંકરનું ગદ્યકાર્ય સમાવેશ પામ્યું છે.

કૃતિઓ કે સાહિત્યકારોને મૂલવતાં એમના વિવેચનોની સૌથી મોટી લાક્ષણિકતા એ છે કે, એ વિવેચનો પોતે ભાવાત્મક ગદ્ય (emotive prose) ની સરસ રચના બની રહે છે. એનું એક વાકય ભાવાવેગના એક દશા પ્રગટ કરે, તો બીજું ભાવાવેગનો બીજો દશા સુધી પહોંચાડે. પરંતુ, એમાં કૃતિના મર્મના સ્પષ્ટીકરણ કરતાં પોતાના ચિન્તની ભાવાત્મક અવસ્થાનું પ્રગટીકરણ જ સંભવતું હોય છે. અલક-કિશોરોને ઉદ્દેશીને બોલાયેલું સરસ્વતીચંદ્રના 'હું તમારો ભાઇ થાઉં, હોં' વચન પરત્વેના એમના વિવરણન એના એક ઉદાહરણ તરીકે તપાસીએ:

"હું તમારો ભાઈ થાઉં, હોં !."

બંધુઓ, એ બોલ અમોલ છે, હોં !. એના મર્મ પામવા પૂરા પુરુષાર્થથી પ્રયાસ કરો, એ કાંઇ બાલબોલ નથી. પુનઃપુનઃ મનન કરો. એ પ્રસંગ પર પૂરતો પ્રકાશ નાખી શકે અને બહેનભાઇના સંબંધની આદર્શ સ્નેહશુદ્ધિ તો આર્ય સંસ્કૃતિના મોંઘામાં મોંઘી સંપત્તિ છે. કોઇ પણ સ્ત્રીને કોઇ પણ પુરુષે 'બહેન' કહી - બસ, બાકી શું રહ્યું પછી? કંઇક કથાઓ છે પતિપત્નીની જ્યાં ભૂલથી પત્નીને 'બહેન' તરીકે સંબોધનારે પછીનું જીવન 'ભાઇરૂપે' બ્રહ્મચર્ય-પાલનમાં ગાળ્યું હોય, અને તે પણ 'બૈરીમાંથી બહેન' બનેલી પત્નીની હાર્દિક સંપૂર્ણ સંમતિ સહિત. ક્યાં એ ઉન્નત આર્યભાવના અને ક્યાં હાલમાં 'બહેનો' ને 'બૈરીઓ' બનાવી દેવાની પ્રચલિત થયે જતી નવયુવકયુવકતીઓના નિંદાયોગ્ય નાટયચેષ્ટા શી વિષમ વિકૃતિ ! 'સંસારનું તે શું થવા બેઠું છે?' એમ જવાબદાર સંસાર-વિચારકોને ચિંતા થયા કરે છે ? 'કયે માર્ગે'? એ 'પ્રશ્નોનો પણ પ્રશ્ન' કંઇક નીતિપ્રેમીઓને મનોમંથન અનુભવાવી રહ્યો છે. દેશનાં દોહ્યલા દુર્ભાગ્ય - બીજું શું?"[૫]

ચંદ્રશંકર એ વચનો દ્વારા વાચકને કશુંક કહે તો છે જ, પણ એમનું એ પ્રત્યાયન 'સરસ્વતીચંદ્ર'ની પરિસ્થિતિને સ્ફૂટ કરવામાં કેટલું સહાયભૂત થાય છે? એ વચનો વાંચતા ચંદ્રશંકરનો વિશેષ પરિચય થાય છે, પણ 'સરસ્વતીચંદ્ર'ના સંદર્ભમાં કશો પરિચય સાંપડે છે? આવું વિવેચન એક પ્રકારનું પાંડુર સર્જન (etiolated creation) બની રહે છે. રણજિતરામના વિવેચનો તમને ચર્ચામાં ભાગ લેતા કરી મૂકે - involving you in discussion, જ્યારે ચંદ્રશંકર તમને ચર્ચાની બહાર જ રાખશે. પરિણામે બંનેના ગદ્યની ગતિમાં

પણ ભિન્નતા છે. રણજિતરામના ગદ્યમાં ચપલતા (Briskness) છે, એમને કોઇ મુદ્દો ભારપૂર્વક ચર્ચવાનો હોય ત્યાં જ એમના વાક્યોમાં તમને શ્વાસ લેવા દેશે, નહીં તો બિલકુલ નહીં. ચંદ્રશંકર પ્રશ્નો પૂછતા રહે છે, વાતને મલાવ્યા કરે છે. પરિણામે એક પ્રકારની અલસતા એમના ગદ્યમાં પ્રવેશી ગયેલી જણાય છે.

વ્યક્તિઓનાં ચરિત્ર-રેખાંકનોમાં વ્યક્તિની લાક્ષણિકતાઓને વર્ણવતાં વર્ણવતાં એમના સ્વરને પ્રગટ કરવાનું એમનું વલણ અછતું નથી રહેતું. છતાં એ પ્રકારનાં આલેખનમાં એમના ગદ્યમાં પ્રસન્નતા (limpidity) વર્તાય છે. આત્માભિવ્યક્તિનાં એમના અભિનિવેશને બાદ કરીએ તો એમનું પ્રૌઢ, શિષ્ટ અને અભિજાત ગદ્ય ગુજરાતી ગદ્યધારાની ધ્યાનપાત્ર ઘટના ગણાય.

૫: ૧- કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી (૧૮૫૭-૧૯૨૫)
૨- અતિસુખશંકર ક. ત્રિવેદી (૧૮૮૫-૧૯૬૩)
૩- મોહનલાલ પા. દવે (૧૮૮૩-૧૯૭૫)

પ્રધાનતઃ સંસ્કૃત ગ્રંથોના સંપાદક તરીકે અને 'બૃહદ વ્યાકરણ'ના લેખક તરીકે ખ્યાતિ ધરાવતા કમળાશંકર ત્રિવેદીના 'શાંકરભાષ્ય'માં, શાંકર વેદાન્તના સિદ્ધાંતોનું સ્પષ્ટીકરણ કરતા, ગદ્યમાં દાર્શનિક ગદ્ય (Philosophical Prose) નાં આંશિક તત્ત્વો પ્રગટ થાય છે. એમાં પ્રગટતું સ્વ-મતનું ગુરૂચ્ચારણ દાર્શનિક ગદ્યમાં અપેક્ષિત વૈજ્ઞાનિકતાને અળપાવી દે છે.

મોહનલાલ દવેના વિવેચનોમાં પ્લેટો-એરિસ્ટોટલ, લેસિંગ વગેરે પશ્ચિમના વિવેચકોની વિચારણાનો ઘોષ ઊઠતો સંભળાય છે. એમની પ્રાસાદિક ગણાય એવી વિવેચનામાં વિમર્શ-વિવરણની પ્રૌઢ પ્રક્રિયા પ્રવર્તતી જણાતી નથી. પરંતુ તદકાલીન

'વસંત' વગેરે સામયિકમાં પ્રગટ થયેલાં એ વિવેચનોએ તદકાલીન સાહિત્યિક રુચિને ઘડવાનું મૂલ્યવાન કાર્ય કર્યું છે.

પરંતુ, ગુજરાતી ગદ્યના ક્ષેત્રે અતિસુખશંકરના લલિત ગદ્યનું વિશેષ મૂલ્ય છે. એમના 'વિનોદ-ચતુષ્ટય'માં સર્જનાત્મક પરિમાણ ધારણ કરી રહેતા લલિત-ગદ્યનો પ્રયોગ થયો છે. એમના આ પ્રકારના નિબંધનું સ્વરૂપ ફ્રાન્સ અને વિશેષ તો ઇંગ્લેન્ડની ભોંયમાં મ્હોરવા પામ્યું છે. અઢારમી સદીના આરંભમાં પ્રગટેલા અને એ આખી સદી પર્યંત અંગ્રેજી પ્રજાનાં હૃદય પર કબજો જમાવી બેઠેલા સામયિક નિબંધ Periodical essay - ની સંજ્ઞા પામેલા સાહિત્યિક ગદ્યસ્વરૂપમાં એનાં મૂળ રહેલાં છે. સામયિક નિબંધથી, જ્ઞાન, ઉપદેશ, શિક્ષણ વગેરેના પ્રસાર માટે કે કશાક સિદ્ધાંત અને તારણોના પ્રતિપાદન માટે લખાતા નિબંધોથી એનું અલગ, સ્વાયત્ત રૂપ નિર્માણ પામ્યું. ઓગણીસમી સદીમાં હન્ટ, હેઝલિટ અને લેમ્બ દ્વારા એ અલગરૂપ Personal essay અથવા Familiar essay ની સંજ્ઞા દ્વારા ઓળખાવાયું. એ પ્રકારના નિબંધમાં કશું પ્રતિપાદન કરવાનું હોતું નથી. બોધ કે જ્ઞાનનો પ્રસાર એનું લક્ષ્ય નથી. લેખકે એમાં પોતાને જ પ્રગટ કરવાનું હોય છે. એમાં કહેવાતી સામગ્રીને વળગીને રૂપ પામતો કહેનારનો વ્યક્તિત્વ-સ્પર્શ જ મહત્ત્વનો બની રહે છે. આત્મનિષ્ઠા -Subjectivity એની વ્યાવર્તક લાક્ષણિકતા છે, વ્યક્તિત્વસ્પર્શ- Personality એનો પ્રધાન સૂર છે. નિબંધના આદ્ય પ્રણેતા ગણાતા મોન્ટેઇને ઉચ્ચારેલું વિધાન [5] - it is not my acts that I write, it is I, it is my essence". આ પ્રકારના નિબંધસ્વરૂપની લાક્ષણિકતા સમર્થ રીતે વર્ણવી રહે છે.

ગુજરાતી સાહિત્યમાં નિબંધનું આ પ્રકારનું લલિત સ્વરૂપ સ્પષ્ટ રીતે આવિષ્કાર પામ્યું. કાકા કાલેલકરના પ્રકૃતિને સામગ્રી બનાવતા નિબંધોમાં, આ

પ્રકારમાં સંભાવનારૂપે રહેલી ઉત્કૃષ્ટ સર્જકતા પૂર્ણપણે ઉદય પામી સુરેશ જોષીના 'જનાન્તિકે' માં, પણ એનો ભોંય પ્રથમ ખેડાવા પામી અતિસુખશંકરના 'નિવૃત્તિવિનોદ' ના નિબંધોમાં.

લેખકની મનઃસ્થિતિનાં બહુવિધ પાસાંઓ, એમનો ચૈતસિક તરંગલીલા, મનોલૌલ્ય, યદૃચ્છિત વિમર્શ અને અનિયત નિરીક્ષણો વગેરેને અભિવ્યક્તિ અર્પતું અતિસુખશંકર ત્રિવેદીનું લલિત ગદ્ય ગુજરાતી ગદ્યધારાનુ એક મહત્ત્વનું સીમાચિહ્ન ગણાવાને યોગ્ય છે.

આ રીતે આ અને અન્ય નાના-મોટા અલ્પ-ખ્યાત ગદ્યલેખકોએ ગુજરાતી ગદ્યધારાને વિકસતી રાખવાના યથાશક્તિ પ્રયત્નો કર્યા છે. પંડિત યુગમાં જ, ગોવર્ધનરામ, નરસિંહરાવ વગેરેના ગદ્યથી ભિન્ન આ ગદ્યધારામાં ગાંધીયુગના ગદ્યની ઉદય પામતી ભોંયના દર્શન થવા પામે છે.

## પાદ ટીપ

~~૧ નવલગ્રંથાવલિ, ઇ.સ. ૧૮૯૧ ની આવૃત્તિ,~~
~~સંપાદક: ધીમંતરામ નવલરામ પંડિત,~~


૧ નવલગ્રંથાવલિ (ચાર ભાગમાં), સંપાદક: ધીમંતરામ નવલરામ પંડિત, ઇ.સ. ૧૮૯૧ની આવૃત્તિ, બીજા ભાગમાં, પૃ. ૨૮૬

૨ સ્વ. ઇ.સૂ. દેસાઇના સાક્ષરજીવનની રૂપરેખા, નટવરલાલ દેસાઇ, પૃ. ૨૯-૩૦

૩ વા.મો.શાહનો સંસારસુધારો, સંપાદક: ત્રિભુવન વીરજીભાઇ હેમાણી, પૃ. ૩૦૭

૪ રણજિતરામના નિબંધો, ભાગ-૧, લેખક: રણજિતરામ મહેતા, પૃ. ૬૯

૫ ચંદ્રશંકરનાં ગદ્યરત્નો, સંપાદક: સન્મુખલાલ જ. પંડ્યા, પૃ. ૮૦-૮૧

૬ The English Familiar Essay in the early Nineteenth Century, Marie Hamilton Law. P. 8